

**પ્રાપ્તિ સ્થાન :**
ભીમપુરા આશ્રમ

**પ્રત : ૨,૦૦૦**

પ્રથમ આવૃતિ : ૨૦૦૭
દ્વિતિય આવૃતિ : ૨૦૦૮

**પ્રકાશક :**
શ્રી શ્રી મા આનંદમયી આશ્રમ
ભીમપુરા, ચાણોદ - ૩૯૧૧૦૫

**કિંમત : રૂ. ૧૫૦**

**મુદ્રક :**
સૂર્યા ઑફસેટ, આંબલી ગામ,
સેટેલાઈટ-બોપલ રોડ,
અમદાવાદ-૩૮૦૦૫૮
ફોન : (૦૨૭૧૭) ૨૩૦૧૧૨




# પ્રસ્તાવના

શ્રીમા આનંદમયી અમારી સંસ્થા આર્યકન્યા ગુરૂકુળ પોરબંદરમાં આવ્યાં હતાં. પણ ત્યારે સંજોગવશાત્ હું એમના દર્શન અને સત્સંગમાં જઈ શકી નહીં. મારા મિત્રો પાસેથી એમનાં દર્શન વિશેની વાતો સાંભળીને, તે રાત્રે મને ભારે દુઃખ થયું કે 'અરેરે, હું આ દર્શનથી વંચિત રહી ગઈ' ! બીજે દિવસે સવારે મને ખબર મળ્યા કે શ્રીમા રાણાવાવમાં છે અને એક દિવસ ત્યાં રોકાવાના છે. આથી સવારમાં જ મારા મિત્ર પ્રોફેસર હીરાબહેન સાથે હું રાણાવાવ પહોંચી ગઈ. ત્યાં જોયું તો વિશાળ જનમેદની એકત્ર થઈ હતી. "આમાં શ્રીમાના અંગત દર્શન તો શક્ય જ નથી. દૂરથી જ દર્શન કરી સંતોષ માનવો રહ્યો." એમ માનીને અમે બંને નિરાશ થઈ એક જગ્યાએ ઊભા થોડીવાર થઈ ત્યાં મારી આગળ ઊભેલા કોઈ ભાઈને કોઈ બોલાવવા આવ્યું અને કહ્યું "પાછલા બારણેથી થોડા લોકો શ્રીમા પાસે દર્શને જઈ રહ્યા છે. તમે જલ્દી આવો, તમારો ચાન્સ લાગી જશે." પેલાભાઈ દોડતા ગયા અને અમે પણ એમની પાછળ પાછળ દોડવા લાગ્યા. તે ભાઈની પાછળ ચુપચાપ ઊભા રહી ગયા ત્યાં આઠ-દશ લોકો લાઈનમાં ઊભા હતા. અમે બંને બહેનો હવે એકદમ આનંદમાં આવી ગયાં, કે થોડી ક્ષણોમાં ક્યાંથી ક્યાં આવી પહોંચ્યા ! ત્યાં તો એકભાઈ હાથમાં ઘણાં બધા પુષ્પહાર લઈને નીકળ્યા. હીરાબહેને કહ્યું; "ભાઈ, જોઈએ તેટલી રકમ લઈ લો, પણ અમને શ્રીમાને પહેરાવવા માટે એકેક હાર આપો !" એ ભાઈએ અમારી સામે જોયું અને અમને એક એક હાર આપ્યો અને કંઈ જ પૈસા ન લીધાં ! હવે હાથમાં પુષ્પમાળા લઈ અમે શ્રીમાના ઓરડામાં જવા માટે પ્રતીક્ષા કરવા લાગ્યાં. આખરે એ ક્ષણ પણ આવી પહોંચી ! અમે ઓરડામાં પ્રવેશ્યા અને શ્રીમાએ અદ્‌ભુત સ્મિતથી અમને આવકાર્યા એમના ચરણોમાં પ્રણામ કરી મેં એમને પુષ્પમાળા પહેરાવી, તો શ્રીમાએ એમના ગળામાંથી કાઢીને એ માળા મને પહેરાવી દીધી ! ત્યારે મને અદ્‌ભુત રોમાંચ થયો હતો. એ માળાને પહેરી રાખીને મેં શ્રીમાના ખોળામાં માથું મુકી પ્રણામ કર્યાં અને એમણે મારૂં મસ્તક થપથપાવ્યું ! શ્રીમાનો એ દિવ્ય સંસ્પર્શ, સમગ્ર અસ્તિત્વને રણઝણાવી ગયો. એક

પણ શબ્દનો ઉચ્ચાર નહોતો થયો, છતાં દૃષ્ટિ માત્રથી જાણે શ્રીમાએ મારી અંદર કશુંક ભરી દીધું હોય, એવું મેં અનુભવ્યું. આનંદથી છલકાતા અમે પોરબંદર પાછા ફર્યા મારા માટે શ્રીમાનું એ પ્રથમ અને અંતિમ પ્રત્યક્ષ દર્શન હતું!

શ્રીમાના જીવનમાં આવાગહન કાર્ય પછી આજે વરસો બાદ હવે હું એ સમજી શકી છું, કે એ સમયે શ્રીમાએ દર્શનનો સુઅવસર આપી, એમની સાથેનું અનુસંધાન કરી આપ્યું હતું!

૧૯૯૬નું વર્ષ શ્રીમા આનંદમયીની જન્મસતાબ્દિનું વર્ષ હતું. આ વર્ષમાં શ્રીમા આનંદમયીનો પરિચય ગુજરાતના વધુ ને વધુ લોકોને થાય, એવી ભાવનાથી શ્રીમાના એક ભક્તે મને શ્રી અરવિંદના જીવનકાર્ય વિષેમેં ગુજરાતના સહુથી વધુ ફેલાવો પામેલાં શિષ્ટ માસિક જનકલ્યાણના બે અંકોમાં લખ્યું હતું, તેવું શ્રીમા આનંદમયી વિશે લખી આપવા કહ્યું. પ્રથમ તો મેં એમને વિનીત ભાવે ના પાડી કહ્યું; “મેં તો શ્રીમાના ફક્ત એકવાર દર્શન જ કર્યા છે, એમના વિશે હું કંઇ વિશેષ જાણતી નથી. એટલે હું લખી શકીશ નહીં.” પરંતુ એમનો વારંવાર આગ્રહ થતાં જ રહ્યો અને આખરે મેં એ કાર્ય સ્વીકારી લીધું વાંચતાં વાચતાં, જાણે એમના પરોક્ષ સાન્નિધ્યમાં હું પહોંચી ગઇ! પછી તો શ્રીમાની અસીમ કૃપાનો અનુભવ કરતા કરતાં બધું જ લખાતું ગયું. જનકલ્યાણનો એક અંક નહીં પણ ત્રણ અંકો ભરાય તેટલી સામગ્રી તૈયાર થઇ. એ પછી પણ આ શતાબ્દિ વર્ષમાં સદ્‌વિચાર પરિવાર દ્વારા પ્રગટ થતાં સામાયિક સુવિચારનો ‘શ્રીમાઆનંદમયી’ અંક ઉપરાંત શિષ્ટવાંચન પરીક્ષા માટે શ્રીમાના જીવનકાર્ય વિશેનું પુસ્તક, શ્રીમાના સુવાક્યોતો તેમના વિશેના લેખો - આ બધુ, શ્રીમાની કૃપા, પ્રેરણા અને શક્તિથી લખાતુ ગયું. આ લેખન કાર્ય દ્વારા મને શ્રીમાનું સૂક્ષ્મ સાંનિધ્ય મળ્યું એમની ચેતના સાથે તદ્રુપ થવા મળ્યું, એમે હું મારા જીવનની એક મોટામાં મોટી ઉપલબ્ધિ માનું છું. આ માટે સુચન કરનાર ભક્તની હુ ખૂબ ખૂબ આભારી છું.

એ પછી પૂજ્ય સ્વામી ભાસ્કરાનંદજી મહારાજ જ્યારે પોરબંદર પધાર્યા ત્યારે એમનો પરિચય થયો. જાણે શ્રીમાના પ્રેમનું મુર્તિમંત સ્વરૂપ! વાતચીત દરમિયાન એમની આગળ મે શ્રીમાનું વિસ્તૃત જીવન ચરિત્ર પુસ્તકરૂપે પ્રકાશિત થાય એવી મારી આંતરિક ઇચ્છા વ્યક્ત કરી. એ ઇચ્છા આટલી ત્વરિત સાકાર થશે. એનો મને બિલ્કુલ ખ્યાલ ન હતો, પરંતુ શ્રીમાની અસીમ કૃપા કે એમના ૧૦૮માં જન્મદિવસના મહોત્સવમાં જનકલ્યાણના અંકોની સામગ્રી સળંગ પુસ્તક દેહે પ્રકાશિત થશે! એ માટે હું પૂજ્ય સ્વામી ભાસ્કરાનંદજી મહારાજની તેમજ શ્રી શ્રી મા આનંદમયી સંઘના ગુજરાતના



અધ્યક્ષ શ્રી પદ્મકાંતભાઈ ત્રિવેદીનો હ્રદય પૂર્વક આભાર માનું છું.

શ્રી મા આનંદમયીની જીવનકથા એ નારીદેહમાં પરમાત્માના દિવ્ય આવિર્ભાવની કથા છે. - બંગાળના સામાન્ય ગરીબ બ્રાહ્મણ પરિવારમા જન્મવું, બાર વર્ષની કિશોર વયે એવા જ સામાન્ય પરિવારની કુલવધૂ બની, નોકરી અર્થે બહારગામ વસતા પતિની ગેરહાજરીમા શ્વસુરગૃહે વરેલ સવાર થી માંડીને મોડી રાત સુધી સર્વપ્રકારનાં દૈનિક કાર્યો અવિરત કરતા રહેવાં, આ બધું કરતાં કરતાં ભગવદ્‌ભાવનો વારંવાર આવિર્ભાવ થતાં પરિવારજનોની ગેરસમજુતિનો ભોગ બનવું, અને પછી સતત હરિ નામ જપતાં જપતાં દિવ્ય આનંદની સમાધિની પ્રાપ્તિ થવી, આંતર પ્રકાશનું પ્રગટવું, સર્વત્ર પ્રસરવું અને સચ્ચિદાનંદ સ્વરૂપમાં એક રૂપમાં એક રૂપ થઈને અસંખ્ય લોકને ભગવદ્ ભાવમાં ઢાળવાનું દિવ્ય કાર્ય કરવું-

આ કથા આ યુગની એક અજોડ કથા છે. એ દ્વારા શ્રીમાએ પોતાના જીવનના પ્રત્યક્ષ દૃષ્ટાંત દ્વારા એ સાબિત કરી આપ્યું છે કે સંસારની વચ્ચે રહીને પણ પરમાત્મામય બની શકાય છે. સામાન્યમાંથી દિવ્યતા તરફ જતું અને પરમાત્મામાં એકરસ થતું જીવન કેવું તો દિવ્ય, ભવ્ય અને પૂર્ણવિકસિત બની શકે, એના મુર્તિમંત ઉદાહરણ સમું શ્રીમાનું જીવન આ યુગમાં આધ્યાત્મિક પથના યાત્રિકો માટે દીવાદાંડી સમાન છે. એ જીવનના ઊંડાણો તો આગધ છે. એની વ્યાપકતા આસીમ છે. સામાન્ય માનવમનની એ પહોંચની બહારની વસ્તુ છે. છતાં શ્રીમાની કૃપા પ્રેરણા અને શક્તિથી મેં એ જીવનની આછેરી ઝલક આપવાનો નમ્ર પ્રયત્ન કર્યો છે. એ આશાથી કે વાચકોને શ્રીમાનો કૃપા સ્પર્શ મળે અને એમના જીવન પણ ભગવદ્ ભાવથી સભર બને.

૭, સ્ટાફ ક્વાર્ટસ,
ગુરુકુળ બોખીરા,
પોરબંદર - ૩૬૦ ૫૭૫

જ્યોતિ થાનકી

ફોન: (૦૨૬૬૩) ૨૩૪૨૦૮ (સ્વામીજી)
કાર્યાલય: (૦૨૬૬૩) ૨૩૩૩૮૨

**સ્વામી ભાસ્કરાનંદ**
**તારીખ: ૧૫ માર્ચ ૨૦૦૪**

# બે શબ્દ

જનકલ્યાણના વર્ષ ૧૯૯૫માં *શ્રી શ્રી આનંદમયી માની લીલા-કથા* તથા *ઉપદેશાત્મક જીવનઝાંખી*, સુ. શ્રી જ્યોતિબહેન થાનકી કે જેઓ આધ્યાત્મિક જગતની મહાન વિભૂતીના જીવન કવનના શબ્દ-ચિત્રણમાં અનોખું સ્થાન ધરાવે છે. તેઓશ્રી દ્વારા અક્ષરદેહ પામ્યાં છે તે હકીકત ગુજરાતી આધ્યાત્મિક સાહિત્યમાં, સૌને વિદિત છે.

*જનકલ્યાણ*ના ત્રણ ક્રમશઃ અંકો માતૃભક્તિ માટે ખુબજ પ્રેરણાદાયી બનેલ. ભારતવર્ષમાં રહેતા *જનકલ્યાણ* ગ્રાહકોના ઘણા પત્રો. આ બાબતમાં શ્રીમાના ભીમપુરા આશ્રમમાં આવેલ. આ પુસ્તક શ્રી જ્યોતિબહેનની લેખન શૈલીનું પ્રમાણ છે.

ઘણીવાર બને છે કે માસિકોમાં આવેલ જીવન-કથા ભૂતકાળની વસ્તુ બની રહે છે પરંતુ આ પુસ્તક શ્રી આનંદમયી સંઘ ભીમપુરા શાખા દ્વારા પુસ્તક રૂપે થઈ રહેલું પ્રસ્તુત પુસ્તકની રજૂઆત તે આનંદનો વિષય બને છે અને આ માટે સુ. શ્રી જ્યોતિબહેનને અભિનંદન આપું છું.

આ પુસ્તક ગુજરાતી માતૃભક્તો માટે સંગ્રહણીય પુસ્તક બની રહેશે તેમ આશા છે.

ફાલ્ગુન શુક્લ પૂર્ણિમા
તા. ૦૬-૦૩-૨૦૦૪

મંગળ કામના સહ
**સ્વામી ભાસ્કરાનંદ**



# અનુક્રમણિકા

| વિગત | પેજ નં. |
|---|---|
| માતાપિતા | ૧ |
| 'મારા બિહારીને ત્યાં પુત્રીજન્મ થાય !' | ૩ |
| ''રૂપની જ્યોતિ ફૂટી નીકળી છે !'' | ૪ |
| 'હું શા માટે રડું ?' | ૫ |
| 'મારી આ પુત્રીનું સદાય રક્ષણ કરજે !' | ૬ |
| નામ આપ્યું નિર્મલા ! | ૭ |
| 'આ છે મા વિશ્વને વિશ્વાતીત જગતની !' | ૮ |
| ઘોડિયામાં સમાધિની સ્થિતિ | ૯ |
| 'અત્યારે આમ ઊંઘી જવાય ?' | ૧૦ |
| 'બાપ રે ! શું છોકરી છે !' | ૧૨ |
| 'અરે મા, તારી આંખમાં આંસુ !' | ૧૩ |
| 'એ જુઓ, જુઓ આકાશ !' | ૧૪ |
| 'બધા ભગવાન પાસે શું માગે છે ?' | ૧૫ |
| 'ઉપર શું જુએ છે ?' | ૧૬ |
| માતાપિતાના પ્રેમસ્પર્શનો અભાવ | ૧૭ |
| 'હજી તું અહીં જ બેઠી છે !' | ૧૯ |
| 'અરે, તેનો શ્વાસ ફરી ચાલશે !' | ૨૦ |
| અંદર-બહાર એક | ૨૨ |
| 'બધું સાફ કરીને લઈ આવી છું !' | ૨૪ |
| 'જુઓને, હું વાંકી વળી ગઈ !' | ૨૫ |
| 'છાશ નહીં આપું, જા !' | ૨૬ |
| 'પિતાજી, ભગવાન કેવડા ?' | ૨૭ |
| 'અરે, આને તો બધું આવડે છે !' | ૨૮ |
| પૂર્ણવિરામે અટકવું | ૩૦ |
| 'ખરી છે તું તો !' | ૩૧ |
| હસ્તાક્ષરોની નકલ | ૩૨ |
| 'આવું મધુર ગાન ક્યાંથી શીખી ?' | ૩૩ |

| વિગત | પેજ નં. |
|---|---|
| 'ભગવાન જાણે, એનું શું થશે ?' | ૩૪ |
| 'કેમ ઊભી ? ચાલને હવે !' | ૩૬ |
| ખ્રિસ્તી સાધ્વીઓને ઉતારે | ૩૮ |
| 'કેરી તો આંબાએ આપી !' | ૩૯ |
| સાપ સાથેય આત્મીયતા | ૪૦ |
| 'દોડો, દોડો ગાયનું ધણ આવે છે !' | ૪૨ |
| શૈશવકાળની સમાપ્તિ | ૪૪ |
| ફોટો આવ્યો ! | ૪૬ |
| 'ભાઈ, એની કુંડળી તો જોઈ આપ !' | ૪૭ |
| સૂક્ષ્મમાં પોલિસ દારોગાને જોયા ! | ૪૮ |
| લગ્ન | ૫૦ |
| 'એટલું બધું કેવી રીતે કરી શકી ?' | ૫૨ |
| શ્વસુર-ગૃહે | ૫૪ |
| 'અરેરે, એકલો ભાત જ !' | ૫૬ |
| લોઅર પ્રાઈમરી ખરેખર | ૫૮ |
| 'આ તારા અક્ષર ન હોય !' | ૫૯ |
| 'બેઠી બેઠી કેટલું ઘોરે છે !' | ૬૧ |
| આ તે કેવો વળગાડ ? | ૬૪ |
| 'એ ખાવાનું હું નહીં ખાઉં !' | ૬૫ |
| 'અત્યારે આ વાત કરીશ નહીં !' | ૬૭ |
| 'તારી તે કેવી ભાગ્યરેખા છે ?' | ૬૯ |
| 'સમય આવ્યે બરાબર થઈ રહેશે !' | ૭૧ |
| પત્ર લખ્યો : | ૭૩ |
| 'મા અન્નપૂર્ણા જ જમાડે છે !' | ૭૫ |
| મૂક સેવા-સાધના | ૭૭ |
| 'એણે મને ઘણો જ સંતોષ આપ્યો છે !' | ૮૦ |
| નવા જીવનનો પ્રારંભ | ૮૩ |
| ખુશીર મા | ૮૫ |
| 'આખું જગત તમને મા કહેશે !' | ૮૭ |





| વિગત | પેજ નં. |
|---|---|
| આનંદની અનુભૂતિ | ૯૦ |
| અષ્ટગ્રામમાં જપ-સાધના | ૯૩ |
| સહજ સાધના | ૯૪ |
| ભૂતો ભાગી ગયો ! | ૯૭ |
| 'આ બધું શું થઈ રહ્યું છે ?' | ૧૦૦ |
| અનોખી આરતી | ૧૦૩ |
| 'આ શરીર જ શરીરનો ગુરુ !' | ૧૦૪ |
| 'એમના જેવી પતિભક્તિ ક્યાંય જોઈ નથી !' | ૧૦૫ |
| સત્યનો આદર્શ | ૧૦૭ |
| 'ફરી આવી વાત કરશો નહીં !' | ૧૦૮ |
| અનોખી દીક્ષા | ૧૧૨ |
| દીક્ષા પછી સાધનાનો વેગ વધ્યો ! | ૧૧૪ |
| 'તમે કોણ છો ?' | ૧૧૬ |
| ભોળાનાથની દીક્ષા | ૧૧૯ |
| મૌન | ૧૨૧ |
| 'શું મારી સાથેય નહીં બોલો ?' | ૧૨૩ |
| 'ત્રણ દિવસ રાહ જુઓ !' | ૧૨૪ |
| સાધનાની વિવિધ અનુભૂતિઓ | ૧૨૫ |
| ભોજન અંગેના વિવિધ નિયમો | ૧૩૦ |
| 'હજુ લાવો !' | ૧૩૩ |
| 'ભાગ્ય તને અહીં લાવ્યું છે !' | ૧૩૬ |
| 'પછી તમે મને ખવડાવજો !' | ૧૩૯ |
| સૂક્ષ્મદર્શનમાં ફકીરોને જોયા ! | ૧૪૧ |
| સિદ્ધેશ્વરીના વૃક્ષનું સૂક્ષ્મદર્શન | ૧૪૩ |
| સિદ્ધેશ્વરીમાં સાધના | ૧૪૫ |
| સિદ્ધેશ્વરીમાં વાસંતી પૂજા | ૧૪૮ |
| 'હજુ તને એની ભૂખ લાગી નથી !' | ૧૫૧ |
| 'જેવો ભાવ તેવું રૂપ દેખાશે.' | ૧૫૪ |
| 'હવેથી માને 'આનંદમયી' કહીશું !' | ૧૫૬ |

| વિગત | પેજ નં. |
|---|---|
| ગરમ અને ઠંડાનો ભેદ | ૧૫૮ |
| ગળ્યા-તીખાનો ભેદ | ૧૬૦ |
| 'કશું યે નિરર્થક નથી !' | ૧૬૨ |
| બધું જ નૂતન | ૧૬૪ |
| 'આજે સાક્ષાત્ દેવીનાં દર્શન કર્યાં!' | ૧૬૭ |
| 'તમારી માએ ષટ્ચક્ર દોર્યું છે!' | ૧૬૯ |
| ભક્તોનો પ્રવાહ | ૧૭૨ |
| 'કોઈ અજાણ્યું નથી !' | ૧૭૪ |
| કાલીપૂજા | ૧૭૬ |
| 'બલિ આપશો નહીં !' | ૧૭૯ |
| હરિ-લૂંટના પ્રસાદની અનોખી ભક્ત | ૧૮૩ |
| 'એ સાજો નહીં થાય !' | ૧૮૪ |
| 'ત્યારે તો હું જાઉં છું!' | ૧૮૬ |
| 'શરીરમાં પાછા આવવાની જરૂર છે!' | ૧૮૮ |
| 'સંસાર જ મને છોડી દે છે!' | ૧૮૯ |
| માનો ફોટો પાડ્યો | ૧૯૧ |
| 'જળદેવતા મને બોલાવે છે!' | ૧૯૪ |
| 'સાપ તો મને કરડ્યો !' | ૧૯૭ |
| ઘોડાગાડીએ મોટરને પકડી પાડી ! | ૨૦૦ |
| રમણાશ્રમની સ્થાપના | ૨૦૨ |
| તત્ત્વચિંતકોની મા સાથે પ્રશ્નોત્તરી | ૨૦૫ |
| પરિભ્રમણનો પ્રારંભ | ૨૦૭ |
| 'મોડા આવશો તો નહીં પેસવા દઉં !' | ૨૧૦ |
| 'નિંદા પણ હું, નિંદક પણ હું, નિંદ્ય પણ હું !' | ૨૧૧ |
| 'હવે અહીંથી અટકી જા !' | ૨૧૩ |
| 'તમારા વાછરડાને જોવા આવું છું !' | ૨૧૮ |
| સાધના કરો ! | ૨૨૦ |
| 'તમે જ ઘડાને ઊંધો વાળી દીધો !' | ૨૨૧ |
| 'માંદી પડું તો કેવું સારું !' | ૨૨૫ |



| વિગત | પેજ નં. |
|---|---|
| રોગ પણ ખેલ | ૨૨૭ |
| માનો ૩૬મો જન્મોત્સવ | ૨૩૧ |
| 'હું આજે જઈ રહી છું !' | ૨૩૩ |
| 'આ ટ્રેઈન જ્યાં જાય ત્યાંની ટિકિટ લો !' | ૨૩૬ |
| 'આ માણસ કંઈ મોટો સાહેબ હોય ?' | ૨૩૯ |
| બંગાળી માતાજી | ૨૪૧ |
| માના સાન્નિધ્યમાં કમલા નહેરુ | ૨૪૩ |
| 'તમે યજ્ઞોત્સવ કરો !' | ૨૪૭ |
| સોનાના કડાની ભેટ | ૨૪૯ |
| 'તો મારી હાલત ગંભીર થશે !' | ૨૫૧ |
| 'મા, અલ્હાબાદ આવો ને !!' | ૨૫૩ |
| દશ મિનિટની ભિક્ષા | ૨૫૫ |
| 'સમય આવી પહોંચ્યો છે' | ૨૫૯ |
| 'થઈ જશે' !' | ૨૬૨ |
| આ પણ મનુષ્યો છે ! | ૨૬૬ |
| 'અપરાધી તો તમે છો !' | ૨૬૮ |
| "તો... મારે પણ જવું જોઈએ !" | ૨૭૧ |
| "આપને કેવાં સ્વપ્ન આવે છે ?" | ૨૭૩ |
| "આ તે કઈ જાતના રોગ છે ?" | ૨૭૫ |
| માનો 'ખ્યાલ' | ૨૭૭ |
| 'એ વિધવા થતાં બચી ગઈ !' | ૨૮૦ |
| પાર્વતીનું સ્વપ્ન | ૨૮૩ |
| માની કૈલાસયાત્રા | ૨૮૫ |
| લામાઓની ગુફામાં | ૨૯૦ |
| જ્યોતિષબાબુની સંન્યસ્તદીક્ષા | ૨૯૨ |
| 'મા અને હું એક !' | ૨૯૫ |
| 'સાસરે કંઈ નવું જોયું ?' | ૩૦૦ |
| ગુજરાતમાં પ્રથમ આગમન | ૩૦૨ |
| અમદાવાદમાં પ્રથમ પદાર્પણ | ૩૦૫ |

| વિગત | પેજ નં. |
|---|---|
| 'આજે સાંજે જ જઈશ.' | ૩૦૮ |
| 'જુઓ, ભગવાન જ બંદોબસ્ત કરે છે !' | ૩૧૦ |
| 'આ ભવ તરી ગઈ !' | ૩૧૩ |
| 'મારા જ ઘરમાં રહું છું !' | ૩૧૪ |
| માના પિતાજીનો દેહાંત | ૩૧૬ |
| દીદીમાની દીક્ષા | ૩૨૦ |
| ભોળાનાથને સંન્યાસદીક્ષા | ૩૨૨ |
| ભોળાનાથની માંદગી | ૩૨૪ |
| 'મા, તમે ક્યાં છો ?' | ૩૨૭ |
| 'હું ક્યારે 'સધવા' હતી ને ક્યારે 'વિધવા' થઈ ?' | ૩૩૧ |
| અસાધ્ય રોગની ઔષધિ | ૩૩૩ |
| 'આપ કોની ઉપાસના કરો છો ?' | ૩૩૫ |
| 'હું તો તમારી દીકરી છું!' | ૩૩૮ |
| સંયમ-સપ્તાહ | ૩૪૨ |
| સંયમ-સપ્તાહમાં મંત્રની પ્રાપ્તિ | ૩૪૪ |
| 'મા, અમને માફ કરો !' | ૩૪૬ |
| ભીડની વચ્ચે | ૩૪૮ |
| સંયમ-સપ્તાહની અલૌકિક અનુભૂતિ | ૩૫૦ |
| કુષ્ટ રોગથી ઘેરાયેલા નારાયણની પૂજા | ૩૫૨ |
| 'મા, મને માળા આપોને !' | ૩૫૪ |
| પ્રેતયોનિમાંથી મુક્તિ | ૩૫૭ |
| 'હવે તો માનાં દર્શન ક્યાંથી થાય ?' | ૩૬૦ |
| 'આ નહીં, પેલું આપો !' | ૩૬૨ |
| 'મા બોલાવે છે !' | ૩૬૪ |
| 'તારા માટે તો આવી છું !' | ૩૬૫ |
| 'તારી શાંતિ માટે ગોઠવ્યું છે !' | ૩૬૮ |
| વૃક્ષ બોલાવ્યાં ! | ૩૭૦ |
| 'તમે જે માનો છો તે જ હું છું !' | ૩૭૩ |
| 'મા ક્યાં હશે ?' | ૩૭૫ |





| વિગત | પેજ નં. |
|---|---|
| ''આવાં માતાજીને તમે જોયા છે ?'' | ૩૭૭ |
| ઊર્ધ્વલોકમાં | ૩૮૧ |
| રાજામાંથી યોગી | ૩૮૩ |
| 'મને નિર્વિકલ્પ સમાધિ થાય ખરી ?' | ૩૮૫ |
| 'ભગવાન કરેંગે !' | ૩૮૭ |
| ઈચ્છા પૂરી થઈ | ૩૮૯ |
| 'એકવાર એમનાં દર્શન કરી આવો !' | ૩૯૨ |
| 'હું તો આપવા આતુર છું !' | ૩૯૬ |
| માના અનુભવોની મીમાંસા | ૩૯૯ |
| 'મા, તમે જ આ કર્યું !' | ૪૦૦ |
| 'કોનો છે આ શીતળ સ્પર્શ ?' | ૪૦૫ |
| 'હું આવીશ !' | ૪૦૭ |
| ''મનમાં જ પ્રશ્ન છે; સમજી લો !'' | ૪૦૯ |
| દૃષ્ટિનું જાદુ | ૪૧૧ |
| 'મારા ગોવિંદ તમારામાં રહે છે !' | ૪૧૩ |
| છીંકણીની ડાબલી ફેંકી દીધી ! | ૪૧૬ |
| ટોર્ચ ફેંકતા પ્રકાશ દેખાય | ૪૧૮ |
| 'મને તમારી ઈર્ષા આવે છે !' | ૪૨૦ |
| 'આ હાર તેને પહેરાવો !' | ૪૨૨ |
| 'હવે સ્વ-સ્થાને જાઓ !' | ૪૨૩ |
| 'મા, અમે ચગદાઈએ છીએ !' | ૪૨૪ |
| 'એ તો મેં ગાયને આપી દીધું !' | ૪૨૫ |
| 'પિતાજી અહીં રહેશે !' | ૪૨૬ |
| 'અપના બના લો !' | ૪૨૯ |
| 'મને દંડ આપ !' | ૪૩૨ |
| સ્વામી અખંડાનંદજીની ચિરવિદાય | ૪૩૪ |
| 'હું ક્યાંથી દર્શને જઈ શકું ?' | ૪૩૯ |
| 'જરા અંતર તરફ નજર ફેરવો !' | ૪૪૨ |
| 'એમની આંખો ઈશ્વરથી વિમુખ થઈ નથી.' | ૪૪૪ |

| વિગત | પેજ નં. |
|---|---|
| 'હું ક્યાં છું ?' | ૪૪૮ |
| 'સૌને માટે એકસરખો સંદેશ નથી !' | ૪૫૦ |
| 'મા સદાય સચ્ચિદાનંદમાં રહે છે !' | ૪૫૨ |
| 'સદાય નાની બાળકી' | ૪૫૪ |
| 'શાંતિની શોધમાં' | ૪૫૬ |
| મા વર્ધા ગયાં | ૪૬૧ |
| ગાંધીજી સાથે મુલાકાત | ૪૬૩ |
| ગાંધીજીની પ્રાર્થનાસભામાં | ૪૬૭ |
| 'ક્રાઈસ્ટના જેવું મૃત્યુ' | ૪૭૦ |
| નહેરુ સાથે મુલાકાત | ૪૭૧ |
| 'એક અખંડ ક્ષણ આપો !' | ૪૭૩ |
| માના સાન્નિધ્યમાં | ૪૭૫ |
| મા રાષ્ટ્રપતિ-ભવનમાં | ૪૭૭ |
| મા હોસ્પિટલમાં | ૪૮૦ |
| 'તમે એનું ધ્યાન રાખજો !' | ૪૮૧ |
| માના ખોળામાં દીદીમાએ દેહ છોડ્યો | ૪૮૪ |
| 'પ્રતિમાનું વિસર્જન થઈ ગયું !' | ૪૮૬ |
| માત્ર વીસ જ મિનિટમાં ! | ૪૯૧ |
| 'સત્યાનંદ નામ રાખે તો કેવું સારું !' | ૪૯૩ |
| માની વિદેશની પ્રતિનિધિ બ્લેન્કા | ૪૯૫ |
| 'મા, મને પ્રસાદી મોકલો !' | ૪૯૬ |
| અસ્તિત્વનું નવું પ્રકરણ ઊઘડ્યું | ૪૯૭ |
| 'નો બાઉન્ડ્રીઝ !' | ૪૯૯ |
| 'યોર બેબી !' | ૫૦૧ |
| 'સમજતું તો કોઈ નથી !' | ૫૦૨ |
| એ છે દિવ્ય જ્યોતિ | ૫૦૩ |
| 'આ શરીર અવ્યક્ત તરફ ખેંચાય છે !' | ૫૦૫ |
| મહાસમાધિ | ૫૦૯ |


❖ ❖ ❖





# માતાપિતા

ભારતમાં, બંગાળના વિદ્યાકૂટ ગામમાં, બિપિનબિહારી ભટ્ટાચાર્ય નામે, બ્રાહ્મણ રહેતા હતા. રાજકુમાર જેવું રૂપ. ઉમદા સ્વભાવ. ધર્મપરાયણ જીવ. ભાવે ભજનકીર્તન કરે. સંતોની સેવા કરે. સાધુ-જીવન ગાળે. સંગીતજ્ઞ હતા. સુમધુર કંઠ હોવાથી આસપાસના લોકો પણ ભજન ગાવા બોલાવતા. પહેલેથી જ સંસાર પ્રત્યે ઉદાસીન. ભગવાં લૂગડાં પહેરી, કોઈને ય કહ્યા વગર, ઘેરથી ચાલી નીકળ્યા હતા. એકાદ વરસે ખબર મળ્યા કે કોઈ ગામમાં આવ્યા છે ને કીર્તન કરે છે. એટલે ત્યાંથી સમજાવીને પાછા લાવ્યા અને ભગવાં વસ્ત્રો ઉતરાવી મહાપરાણે ગૃહસ્થાશ્રમમાં જોડ્યા.

તે સમયે વિદ્વાન પંડિત તરીકે રમાકાન્ત ભટ્ટાચાર્ય પ્રસિદ્ધ હતા. તેમની સૌથી નાની પુત્રી મોક્ષદાસુંદરી ખૂબ દેખાવડી. ભણવામાં પણ તેજસ્વી. સૌ લાડમાં 'વિધુમુખી' કહી બોલાવતા. પંડિત પિતા પુત્રીને કેળવણી આપવા ઇચ્છતા હતા, પણ તેમની સાત વર્ષની ઉંમરે જ માતાનું અવસાન થયું એટલે પછી પુત્રીને વધુ શિક્ષણ પિતા આપી શક્યા નહિ. મા મરણપથારીએ હતી ત્યારે સાત વરસની વિધુમુખીએ રડતાં રડતાં કહ્યું :

"મા, તમે તો પરલોક જતા રહેશો; પછી હું કોની પાસે રહીશ ?"

ત્યારે મરણપથારીએ પડેલી માએ પુત્રીનો હાથ સૌથી મોટી પુત્રવધૂના હાથમાં મૂકતા કહ્યું :

"આ તને સોંપુ છું. એની સંભાળ રાખજે."

જ્યેષ્ઠ પુત્રવધૂએ સાસુની આજ્ઞાનું પરિપાલન કર્યું.

સાડાબાર વર્ષની વિધુમુખીને માટે બિપિનબિહારી યોગ્ય જણાતાં, પિતાએ તેની સાથે લગ્ન કરી દીધાં અને મોક્ષદાસુંદરી સંસાર પ્રત્યે ઉદાસીન પતિનાં સહધર્મચારિણી બન્યાં. ભક્તિમતી પતિવ્રતા નારી પતિસેવામાં રત રહેતાં, પણ પતિને સંસાર પ્રત્યે કોઈ આકર્ષણ ન હતું. તેમનું જીવન તો પહેલાંની માફક જ ચાલતું રહ્યું. સાધુસંતોનાં સેવાપૂજા ને ભજનકીર્તનમાં ઘરગૃહસ્થી વિસરાઈ જતી. આથી ઘર ચલાવવાનો સઘળો ભાર મોક્ષદાસુંદરીને માથે આવી પડ્યો. ખેતીની થોડી જમીન હતી, તેની ઊપજમાંથી ઘરનો વ્યવહાર ચલાવતાં હતાં.